## દીવાળી અને છઠ માટે વતન જવા ભીડા



■ સુરત શહેરમાં પરપ્રાંતિયોની મોટી સંખ્યા હોવાથી દીવાળી અને છઠપૂજામાં જવા માટે ઉધના રેલવે સ્ટેશન પર મોટી લાઇન લાગે છે. **(તસવીર : સતીષ જાદવ)**

# પાંડેસરાની મિલમાં કેમિકલવાળા પાણીમાં પડી જતાં બાળકીનું મોત

**8 માસની** બાળકીનું મોત છતાં પાંડેસરા પોલીસે પહેલા બાળકીનું પીએમ કરવાનું ટાળ્યું

**સોશિયલ** મીડિયામાં વીડિયો વાયરલ થતાં અંતે પીએમ કરવામાં આવ્યું

સુરતઃ પાંડેસરા જીઆઇડીસી વિસ્તારમાં આવેલી રાધિકા મિલમાં રમતા-રમતા આઠ માસની બાળકીકેમિકલ સહિતનું પાણી ઠાલવાય તેખુલ્લી ગટરમાંપડી જવાથી મોત નીપજ્યું છે. ગંભીર ઘટના છતાં પાંડેસરા પોલીસે પોસ્ટમોર્ટમ વગર જ મૃતદેહ સોંપી દેવાયો હતો. બાદમાં વિવાદ થતાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ



ઉત્તરપ્રદેશના ચિત્રકૂટના વતની અને હાલમાં પાંડેસરાના ગણેશનગર પાસે આવેલા શાંતિનગરમાં રહેતા બુદ્ધવિલાસ વર્મા અને તેમની પત્ની રેસુદેવી પાંડેસરા જીઆઇડીસી સ્થિત રાધિકા મિલમાં મજૂરી કામ કરે છે. રવિવારે સવારે દંપતી તેમના એક પુત્ર અને ત્રણ પુત્રીઓ સહિત ચાર સંતાનોને લઈને મિલમાં કામ કરવા ગયું હતું અને બાળકો રમી રહ્યાં હતાં. દરમિયાન આઠ માસની પુત્રી અમ્રિતા રમતાં-રમતાં આશરે ચારથી પાંચ ફૂટ ઊંડી ગટરમાં પડી ગઈ હતી. બાળકી નજરે ન પડતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન ગટરમાં કેમિકલ સહિતનું મિશ્રિત પાણી ભરેલું હોવા છતાં બાળકી તેમાં મળી આવતાં તેને બહાર કાઢવામાં આવી હતી. ત્યારબાદ 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. બાળકીના મોત બાદ શરૂઆતમાં પોસ્ટમોર્ટમ કરાવ્યા વિના મૃતદેહ પરિવારને સોંપી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. જોકે, મિલમાં ગટરમાં પડી જવાથી બાળકીનું મોત થયું હોવાનો વિવાદ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં મામલો ચર્ચામાં આવ્યો હતો. ત્યારબાદ બાળકીના મૃતદેહનું નવી સિવિલ હોસ્પિટલમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

# વણઝારાઓના પડાવથી શિખરબદ્ધ ધામ એટલે રૂસ્તમપુરાના આશાપૂરી મા



સુરતના ઐતિહાસિક કોટ વિસ્તારમાં આવેલા રૂસ્તમપુરામાં આજે જ્યાં આસ્થાનું શિખરબદ્ધ ધામ ઊભું છે, તે સદીઓ પહેલાં પારસી દિવાનજી શેઠની લાકડાની લાઠી હતી અને 'દિવાનજીની વાડી' તરીકે ઓળખાતી. યંત્રો વિનાના એ જમાનામાં લાકડાના શ્રમકાર્ય માટે દેશભ્રમણ કરતા વણઝારા જાતિના કબીલાઓએ અહીં પડાવ નાખ્યો હતો.

વણઝારાઓ પોતાની સાથે કચ્છના પ્રસિદ્ધ શક્તિપીઠ 'માતાના મઢ'થી પૂજાતી કુળદેવી આશાપૂરી માતાની પવિત્ર પંચધાતુની પ્રતિમા લાવ્યા હતા. વાડીના કૂવા કાંઠે પથ્થરની નાની દેરી બનાવી તેઓ સવાર-સાંજ આરાધના કરતા. વર્ષો બાદ જ્યારે કબીલો પડાવ ઉઠાવી જવા લાગ્યો, ત્યારે સ્થાનિક સુરતીઓની અડગ શ્રદ્ધા અને આગ્રહને માન આપીને તેઓ માતાજીની આ પંચધાતુની મૂર્તિ અહીં જ સુરક્ષિત છોડી ગયા.

**મનાઇ છતાં શ્રદ્ધાળુઓ વહેલી સવારે અને મધ્યરાત્રિએ છૂપી રીતે ગોખમાં અખંડ દીવો પ્રગટાવતા રહ્યા**

સમય જતાં આ વાડીની માલિકી કાલુમિયાં નામના મુસ્લિમ લાકડાના વેપારી પાસે આવી. પોતાના પરિસરમાં પૂજાસ્થાન સહન ન થતાં તેણે ભક્તોને અપમાનિત કર્યા અને આખરે કુબુદ્ધિ વાપરી માતાજીની મૂર્તિને બાજુના કૂવામાં પધરાવી દીધી!





**વિમ્મી વિષ્ણુ ચેવલી**

મનાઇ છતાં શ્રદ્ધાળુઓ વહેલી સવારે અને મધ્યરાત્રિએ છૂપી રીતે ગોખમાં અખંડ દીવો પ્રગટાવતા રહ્યા.

આખરે, શ્રદ્ધાળુઓના સંઘર્ષ અને વહીવટી તંત્રના સહયોગથી ઈ.સ. ૧૯૪૧માં અહીં નાનું મંદિર નિર્માણ પામ્યું અને નવી પ્રતિમા સ્થપાઈ.

કૂવાની પાળ પર આવેલા પવિત્ર પીપળા નીચે એક ક્ષત્રિય ભક્તે શિવલિંગની સ્થાપના કરી, જે આજે 'વારીનાથ મહાદેવ દાદા' તરીકે પૂજાય છે.

આશાપૂરી માતાજી બ્રાહ્મણો તેમજ કોળી પટેલ જ્ઞાતિના પરમ કુળદેવી છે. રૂસ્તમપુરામાં સમાજની મોટી વસ્તી હોવાથી પરંપરાગત રીતે ફાગણ અમાસે અહીં જ્ઞાતિ પંચની બેઠકો મળતી અને સમાજના પ્રશ્નો ઉકેલાતા. ઈ.સ. ૧૯૬૫માં ટ્રસ્ટની સ્થાપના બાદ, ઈ.સ. ૧૯૭૨ના મહા વદ અગિયારસે જયપુરથી લવાયેલી સ્નેહ નિતરતી નવી દિવ્ય પ્રતિમા સાથે ભવ્ય શિખરબદ્ધ મંદિર સંપન્ન થયું.

દર વર્ષે શતચંડી યજ્ઞ, લઘુરુદ્ર અને ૧૦૮ દીવાની મહાઆરતી સાથે ઊજવાતો પાટોત્સવ એ વાતની સાક્ષી પૂરે છે કે જ્યાં સાચી આસ્થા હોય ત્યાં અત્યાચાર ક્યારેય ટકી શકતો નથી.

## વેસુ VIP રોડ ઉપર બાથરૂમનો દરવાજો લોક થતાં યુવક ફસાયો

સુરતઃ વેસુ વીઆઈપી રોડ સ્થિત શ્યામ રચના બિલ્ડિંગમાં શનિવારે મળસ્કે બાથરૂમનો દરવાજો લોક થતાં તેમાં એક યુવક ફસાઈ ગયો હતો. ભીમરાડ ફાયરના જવાનોએ સ્થળ ઉપર પહોંચીને દરવાજો તોડી યુવકનું રેસક્યું કરી લીધું હતું. સબ ફાયર ઓફિસર જયેશ લાડે જણાવ્યું હતું કે, મળસ્કે 3:18 કલાકે તેમને કોલ મળ્યો હતો. બાથરૂમનો ઉપયોગ કરી રહેલો 25 વર્ષિય યુવક પ્રત્યુશ અગ્રવાલ લોક થઈ ગયો છે. તેથી તેમની ટીમ તુરંત જ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પહેલાં ફાયરનાં જવાનોએ સ્પ્રેડર ટુલ્સનો ઉપયોગ કરીને દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો હતો. જોકે નહીં ખુલતા અંતે દરવાજો તોડીને યુવકને સલામત બહાર કાઢ્યો હતો.

# બળજબરીથી દેહવ્યાપાર કરાવી દુષ્કર્મ કરનારના જામીન નામંજૂર

**ફરિયાદીની** નિર્બળ પરિસ્થિતિનો લાભ લઇ દેહવ્યાપારનો ગંભીર આરોપ કોર્ટે ધ્યાને લીધો

સુરતઃ અધિક સત્ર ન્યાયાધીશ સાર્થક કિરણભાઈ વ્યાસની કોર્ટે ઉત્રાણ પોલીસ સ્ટેશનમા નોંધાયેલાં ગુનામાં આરોપી રાજેશ ઉર્ફે રાજુ કાંતિભાઈ ભંડેરીની જામીન અરજી નામંજૂર કરી હતી. વેલંજા, કઠોર રોડ વિસ્તારના વેપારી રાજેશ ભંડેરી તેમની પત્ની વર્ષાબેન તથા કરીના ઉર્ફે કાજલે પોતાના ઘરે અલગ અલગ પુરુષ ગ્રાહકોને બોલાવી ફરિયાદી મહિલા પાસે બળજબરીથી દેહવ્યાપાર કરાવ્યો અને ગ્રાહકો પાસેથી પૈસા મેળવ્યા હતા. ફરિયાદી ના પાડતી હોવા છતાં ધમકી આપી તેને આ ધંધામાં ધકેલવામાં આવી હોવાનો આરોપ છે. આરોપી રાજેશે ફરિયાદીને ઓલપાડ વિસ્તારમાં સુમસામ જગ્યાએ લઈ જઈ તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું અને જાણ કોઈને કરીશ તો જાનથી મારી નાંખીશ એવી ધમકી આપી હતી. જેની ફરિયાદ થતાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં જામીન મુક્ત થવા આરોપીએ અરજી કરી હતી. સરકાર તરફે એ.પી.પી. કે.ડી. ખેરનારે જામીન અરજીનો વિરોધ કરી રજુઆત કરી હતી કે તપાસમાં આરોપી વિરુદ્ધ પ્રથમ દૃષ્ટિએ મજબૂત પુરાવા મળ્યા છે, ટ્રાયલ બાકી છે અને ફરિયાદી સહિત મહત્વના સાક્ષીઓની જુબાની હજુ બાકી છે. જામીન મળે તો આરોપી સાક્ષીઓ પર દબાણ કે લોભ-લાલચ આપી પુરાવા સાથે છેડછાડ કરી શકે તેવી શક્યતા છે. કોર્ટે ચુકાદો આપતાં નોંધ્યું હતું કે ફરિયાદી સંવેદનશીલ અને નિર્બળ પરિસ્થિતિમાં હોવાનો લાભ લઈ બળજબરીથી દેહવ્યાપાર કરાવ્યાનો તથા દુષ્કર્મનો ગંભીર આરોપ છે. આ તમામ બાબતો ધ્યાને લઈ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચિત ન લાગતાં જામીન અરજી નામંજૂર કરવામાં આવી હતી.

## RTO ઈ-ચલણની બોગસ APK ફાઈલ ડાઉનલોડ થતાં ૧૭.૪૮ લાખ સાફ

સુરતઃ RTO ઈ-ચલણની નકલી APK ફાઈલ મોબાઈલમાં ડાઉનલોડ થવાથી સાયબર ઠગોએ ફોનનો એક્સેસ મેળવી લઈ નિવૃત્ત નાગરિકના બેંક ખાતામાંથી ૧૭.૪૮ લાખ રૂપિયાથી વધુની રકમ જુદા જુદા ખાતામાં ટ્રાન્સફર કરી સફાચટ કરી દીધી છે. પરવતપાટિયાની સનરાઈઝ ટાઉનશીપમાં રહેતા અને બેંક ઓફ ઈન્ડિયામાં ખાતા ધરાવતા મહેશચંદ્ર કિરોડીલાલ ગુપ્તાના વોટ્સએપ પર ગત ૫ મે ૨૦૨૬ ના રોજ 'અગ્રવાલ સમાજ' નામના ગ્રુપમાં કોઈ અજાણી વ્યક્તિએ 'RTO E-Challan.apk' નામની ફાઈલ મોકલી હતી. વડીલે અજાણતાં આ ફાઈલ પર ક્લિક કરતાં તે મોબાઈલમાં ડાઉનલોડ થઈ ગઈ હતી. ત્યારબાદ તેમના ખાતામાંથી ચીટરે ૧૭,૪૮,૯૯૯ ની માતબર રકમ તફડાવી લીધી હતી. ખાતામાંથી લાખો રૂપિયા ઉપાડી લીધાની જાણ થતાં જ પરિવારના પગ તળે જમીન સરકી ગઈ.

# 10 મિનિટમાં પાછો આવવાનું કહી નીકળેલા વિદ્યાર્થીની લાશ આવી

**મક્કાઈ** પુલ પર ટ્રક પાછળ મોપેડ ઘૂસી જતાં ધો.10ના વિદ્યાર્થીનું મોત

સુરતઃ અડાજણ પાટિયા વિસ્તારમાં મક્કાઈ પુલ નજીક શનિવારે સવારે ઉભેલી ટ્રક પાછળ મોપેડ ભટકાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ધોરણ-10ના 16 વર્ષીય વિદ્યાર્થીનું નવી સિવિલ હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન મોડી રાત્રે મોત નીપજ્યું હતું. માતાપિતાને માત્ર 10 મિનિટમાં પાછો આવી જવાનું કહીને મોપેડ લઈને નીકળેલા દીકરાના મોતથી પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળેલી વિગતો મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના ગોરખપુરનો વતની અને હાલમાં નાણાવટ મેઈન રોડ પર રહેતો 16 વર્ષીય કિશન પ્રભુનાથ પ્રજાપતિ શનિવારે સવારે મોપેડ લઈને આંટો મારવા નીકળ્યો હતો. દરમિયાન અડાજણ તરફ મક્કાઈ પુલ નજીક મકનજી પાર્ક પાસે રસ્તા પર ઊભેલી ટ્રક પાછળ તેનું મોપેડ ધડાકાભેર અથડાયું હતું. અકસ્માતમાં કિશનને ગંભીર ઈજાઓ પહોંચતાં ઘટનાસ્થળે દોડી આવેલા લોકોએ 108 એમ્બ્યુલન્સની મદદથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જોકે, સારવાર દરમિયાન શનિવારે મોડી રાત્રે તેનું મોત નીપજ્યું હતું. કિશન રાંદેર રોડ પર તાડવાડી નજીક આવેલી સરકારી શાળામાં અંગ્રેજી માધ્યમમાં ધોરણ-10માં અભ્યાસ કરતો હતો. પરિવારમાં એક ભાઈ અને બે બહેનો છે. તેના પિતા ઘર નજીક ફરસાણ સહિતની ખાદ્ય ચીજવસ્તુઓની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. પરિવારજનોના જણાવ્યા મુજબ, કિશન ઘરે માતાપિતાને માત્ર 10 મિનિટમાં પાછો આવી જશે તેમ કહીને તેમની જાણ બહાર મોપેડ લઈને નીકળ્યો હતો.



તસવીર : હેમંત ડેરે

# નવ દિવસ સુધી પેટ પર કળશ સાથે માતાના અનુષ્ઠાન

**અંબિકાનિકેતન** મંદિર પાસે યુવકની અદ્ભુત કળશ સાધના

સુરતઃ નવરાત્રિના આસો પર્વ દરમિયાન માતાજીની આરાધનાના વિવિધ રૂપો જોવા મળતા હોય છે, ત્યારે સુરતના અંબિકાનિકેતન મંદિર પાસે એક યુવકની આકરી સાધના ચર્ચાનો વિષય બની છે. બિહારના મિથિલાના વતની અને હાલ સુડા આવાસમાં રહેતા રામ સુંદર ઠાકુર નામના યુવકે છાતી પર ભારે વજન ધરાવતો કળશ મૂકીને કઠોર તપસ્યા શરૂ કરી છે.

યુવકે પોતાની છાતી પર ગરબી અને માટી સાથે કુલ ૨૧ કિલોગ્રામ વજન ધરાવતો કળશ સ્થાપિત કર્યો છે. રામ સુંદર ઠાકુર નવ દિવસ સુધી સતત નકોરડા ઉપવાસ કરીને મહાકાળી માતાજીની કઠોર આરાધના કરશે.

# મનપામાં ક્લાર્કની પરિક્ષામાં 66.07% ઉમેદવારો હાજર રહ્યા

**2** દિવસમાં ઉમેદવારોની OMR શીટનું સ્કેનિંગ પૂર્ણ કરવામાં આવશે

**5 દિવસમાં** આન્સર-કી જાહેર થશે

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા રવિવારે વિવિધ 2500થી વધુ જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં 2 લાખથી વધુ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. આ મેગા ભરતી ઝુંબેશના અતિ મહત્ત્વના તબક્કારૂપે રવિવારે ક્લાર્ક-3 (Clerk-III)ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષા માટે સુરત, અમદાવાદ અને રાજકોટ એમ ત્રણ મુખ્ય શહેરોમાં કુલ 1,14,970 ઉમેદવારની પરીક્ષા બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જે પૈકી 39,007 ઉમેદવાર ગેરહાજર રહ્યા હતા, જ્યારે 75,963 ઉમેદવારોએ ઉપસ્થિત રહીને શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી. આ રીતે સમગ્ર રાજ્યમાં કુલ 66.07% જેટલી નોંધપાત્ર હાજરી સાથે આ મહત્ત્વનો પડાવ પાર પડ્યો હતો.

પરીક્ષા પૂર્ણ થયા બાદ હવે ઉમેદવારો પરિણામ પર મીટ માંડીને બેઠા છે. મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા આગામી 2 દિવસમાં ઉમેદવારોની OMR શીટનું સ્કેનિંગ પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ 5 દિવસની અંદર OMR તેમજ પ્રોવિઝનલ આન્સર-કી ઓનલાઈન જાહેર કરવાની કવાયત વેગવંતી બનાવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ક્લાર્કની કુલ 717 જગ્યા સામે ક્વોલિફાય થયેલા 717 ઉમેદવારનું મુખ્ય લિસ્ટ તૈયાર કરાશે અને તેની સાથે જ વધારાના 20% ઉમેદવારોનું વેઈટિંગ લિસ્ટ પણ જાહેર કરવામાં આવશે. સુરત શહેરમાં હાજર ઉમેદવાર 54,817, ગેરહાજર ઉમેદવાર 21,321 અને કુલ ઉમેદવારો 76,138 હતા.

# ભેસ્તાનના પાલિકાના પ્લોટમાંથી દોઢ કરોડની માટીની ચોરી

**ભૂસ્તર** વિભાગે અભી આહીરને ઝડપી જેસીબી અને બે ટ્રક જપ્ત કર્યાં

**એક** જ મહિનામાં ૩૦૦૦ ટ્રક માટી ગાયબ થઇ ગાયબ

**સેટેલાઇટ ફોટા અને માપણીથી ખુલશે કૌભાંડ?**

સ્થાનિક જાગૃત નાગરિકોના જણાવ્યા અનુસાર, ત્રણ મહિના પહેલાંના અને હાલના ગૂગલ મેપના સેટેલાઇટ ફોટાની સરખામણીથી જમીનના સ્તર અને માટીના જથ્થામાં થયેલા ફેરફારનો અંદાજ મળી શકે છે. ડીઆઇએલઆર વિભાગ અને સર્વેયરો દ્વારા સત્તાવાર માપણી કરવામાં આવે તો માટી કેટલી ગાયબ થઈ તેનો અંદાજ મેળવી શકાય.

સુરતઃ સુરતના ભેસ્તાનમાં ટી.પી. નંબર ૫૪ હેઠળ આવેલા મહાનગરપાલિકાના સરકારી પ્લોટમાંથી માટીચોરીનું મોટું પ્રકરણ સામે આવ્યું છે. છેલ્લા એક મહિનામાં અંદાજે ૩૦૦૦ ટ્રક માટી ગાયબ છે. બજારકિંમત પ્રમાણે માટીના આ જથ્થાની કિંમત ૧.૫૦ કરોડથી ૧.૮૦ કરોડ સુધી થવાનો અંદાજ છે.

ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગે કાર્યવાહી કરીને દેલાડવાના અભી જગદીશ આહીરને ઝડપી પાડ્યો છે. સ્થળ પરથી અભી આહીરનું જેસીબી અને એક ટ્રક ઉપરાંત મિત પટેલની એક ટ્રક જપ્ત કરવામાં આવી છે.

પાલિકાનાઝોનનાઅધિકારીઓની દેખરેખ સામે સવાલો ઊઠ્યા છે, જ્યારે પોલીસના કથિત દબાણ અંગે પણ તપાસની માગ થઈ છે. મળતી વિગતો મુજબ, પાલિકાએ અન્ય સ્થળોએથી પરિવહન ખર્ચ કરીને માટી ભેસ્તાનના પ્લોટમાં એકત્ર કરી હતી. જાહેર નાણાં ખર્ચીને લાવવામાં આવેલી માટી જ ગેરકાયદે ઉપાડી લેવામાં આવી હોવાના આક્ષેપને પગલે સરકારી સંપત્તિની સુરક્ષા સામે સવાલો ઊભા થયા છે. સ્થાનિક સ્તરે એવો આક્ષેપ છે કે રાત્રિના સમયે જેસીબી અને ટ્રકોની મદદથી માટીનું પરિવહન કરવામાં આવતું હતું. પ્રતિ ટ્રક ૫,૦૦૦થી ૬,૦૦૦ના હિસાબે ૩૦૦૦ ટ્રક માટીની કિંમત ૧.૫૦ કરોડથી ૧.૮૦ કરોડ થાય છે. જોકે, વાસ્તવિક જથ્થા અને નુકસાનની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે.

## બમરોલીમાં મંડપ ડેકોરેશનના ગોડાઉન અને ઉધના મગદલ્લારોડ પર આગ

સુરતઃ સુરતમાં આગ લાગવાના બે બનાવ બન્યા હતાં. બમરોલી રોડ પર સાંઈ રામ ઈન્ડસ્ટ્રીયલમાં આજે રવિવારે બપોરે મંડપ ડેકોરેશનના ગોડાઉનમાં આગ ફેલાતા પુષ્કળ પ્રમાણમાં ધુમાડો નીકળવા માંડતા દોડધામ મચી જવા પામી હતી.

કોલ મળતા ભેસ્તાન ફાયર સ્ટેશનની બે ગાડી સાથે લાશ્કારોનો કાફલો ઘટના સ્થળ ધસી જઈ સતત પાણીનો મારો ચલાવી એક કલાકમાં આગ પર કાબૂ મેળવ્યો હતો.

બીજા બનાવમાં ઉધના મગદલ્લા રોડ પર નવજીવન સર્કલ પાસે રાધા કૃષ્ણ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં આવેલા લાકડાના મંદિરના ડિઝાઈન બનાવવાના કારખાનામાં શનિવારે રાત્રે આગ લાગી હતી.

કોલ મળતાં ફાયર જવાનો ત્યાં પહોંચી પાણીનો છંટકાવ કરી થોડા સમયમાં આગ ઓલવી નાંખી હતી.

# મનપાની 5 નર્સરી છતાં બહારથી છોડની ખરીદી કરવાના અભરખા!

**તપાસ** કરાવવા માટે અખિલ ભારતીય કોળી સમાજના દક્ષિણ ઝોનના ઉપપ્રમુખ અને પર્યાવરણ પ્રેમીની માંગ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના 5 ઝોનમાં 5 નર્સરી આવેલી છે. તેમ છતાં બહારથી વૃક્ષના રોપા ખરીદવાની નોબત આવતા મહાનગરપાલિકાના વહીવટ સામે સવાલો ઊભા થયા છે. આ નર્સરીઓનું નિર્માણ તત્કાલીન કમિશનર થેન્નારાસન સાહેબ દ્વારા પ્રજાના પૈસા બચાવવાના હેતુથી કરવામાં આવ્યું હતું, જેથી અસંખ્ય રોપાઓનો ઉછેર સ્થાનિક ધોરણે જ થઈ શકે. સુરત મનપાની જહાંગીરપુરા, ભેસ્તાન, ડિંડોલી, મોટા વરાછા અને પીપલોદમાં 5 નર્સરી છે. જે અંદાજિત 50,000 ચોરસ મીટરમાં ફેલાયેલી છે, તેમ છતાં, મનપાને બહારથી રોપા ખરીદવાની જરૂરિયાત કેમ પડે છે તે અંગે સવાલો ઉઠાવીને આ સમગ્ર બાબતની તાત્કાલિક અને યોગ્ય તપાસ કરાવવા માટે અખિલ ભારતીય કોળી સમાજના દક્ષિણ ઝોનના ઉપપ્રમુખ અને પર્યાવરણ પ્રેમી મહેશ પટેલ દ્વારા મનપા કમિશનર અને વિજિલન્સ ઓફિસરને લેખિત ઈમેલ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. તેમણે માંગ કરી છે કે ગાર્ડન વિભાગના નાના-મોટા કર્મચારીઓ, ગાર્ડન સુપરિન્ટેન્ડેન્ટ અને ડેપ્યુટી ગાર્ડન સુપરિન્ટેન્ડેન્ટ જેવા નિષ્ણાતો પાસેથી યોગ્ય કામગીરી કરાવી પ્રજાના નાણાંનો વ્યય અટકાવવામાં આવે.

રજૂઆતમાં જણાવ્યુ છે કે, તેઓ જ્યારે જહાંગીરપુરા વિસ્તારમાં આવેલી મોર્ડન નર્સરીમાં રોપા લેવા ગયા ત્યારે ત્યાં ગંભીર બેદરકારી સામે આવી હતી. ઉછેરની ખામીના કારણે અસંખ્ય રોપાઓ સૂકાઈ જતાં માટી સાથે મરણ પામેલી હાલતમાં જોવા મળ્યા હતા અને ઘણી ખાલી થેલીઓ પડી રહી હતી, જેનાથી પાલિકાને હજારો રૂપિયાનું નુકસાન થયું છે. ઉપરાંત, રોપાઓને ટેકો આપવા માટેની અગાઉની લાકડીઓ સડી ગઈ હોવા છતાં નવી અસંખ્ય લાકડીઓ ખરીદવામાં આવી હતી, જે પણ યોગ્ય જાળવણીના અભાવે સડી જાય તેવી સ્થિતિ છે.

આ સ્થિતિને ધ્યાને રાખીને, નર્સરીઓમાં હાલમાં કેટલા રોપા ઉછેરવામાં આવ્યા છે અને કેટલા બહારથી ખરીદવામાં આવ્યા છે, તેની ઊંડાણપૂર્વક તપાસ કરવાની, પારદર્શક વહીવટ માટે તમામ નર્સરી પર CCTV કેમેરા અને GPS સિસ્ટમની નિગરાની હેઠળ કામગીરી કરવાની તથા જવાબદારો સામે કાર્યવાહી કરી કરેલી કામગીરીનો લેખિત જવાબ આપવાની અપીલ કરવામાં આવી છે.

## ડિંડોલી અને અને સિંગણપોરમાં આપઘાતની ઘટના

સુરતઃ શહેરમાં આપઘાતની બે ઘટના બની હતી. મૂળ મહારાષ્ટ્ર જલગાવના વતની અને હાલ ડિંડોલી નવાગામમાં આવેલ સરસ્વતી સોસાયટીમાં 31 વર્ષીય ખુશાલ રાજેન્દ્ર પાટીલ ટેમ્પો ડ્રાઈવિંગ કરી પરિવારનું ભરણપોષણ કરતો હતો. ખુશાલને નશો કરવાની કુટેવ હતી. કાલે રાત્રે તેણે ઘરે દારૂના નશામાં પંખા સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જ્યારે બીજી ઘટનામાં મૂળ બોટાદ જિલ્લાના વતની અને હાલ સિંગણપોર વિસ્તારમાં આવેલ અર્ચના સોસાયટીમાં રહેતા 23 વર્ષીય ઝીંકલ શૈલેષભાઈ ડુંગરાણી ઘર બેઠા ઓનલાઇનનો વેપાર કરતો હતો. કાલે રાત્રે તેણે બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ઝીંકલએ પ્રેમ પ્રકરણમાં આ અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

# આજે કોંગ્રેસની SIR વિરોધી રેલી, તો ભાજપના રાહુલ સામે ધરણાં

**કોંગ્રેસ** વનિતા વિશ્રામથી રેલી યોજશે, ભાજપનો મહિલા મરોચો કોંગ્રેસ કાર્યાલયે ઘરણા કરશે

સુરતઃ શહેરમાં આગામી સોમવાર, તા. 12 ઓક્ટોબર, 2026ના રોજ રાજકીય પારો ચરમસીમાએ પહોંચવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. એક તરફ સુરત શહેર કોંગ્રેસ સમિતિના નેતૃત્વ હેઠળ INDIA ગઠબંધન દ્વારા ચૂંટણી પંચની SIR પ્રક્રિયા દરમિયાન મતદારોના મતાધિકાર સાથે અન્યાય અને મતદાર યાદીમાં કથિત ગેરરીતિઓના આક્ષેપ સાથે મોરચો માંડવામાં આવ્યો છે. વોટ ચોર ગદ્દી છોડ અને જ્ઞાનેશ ગુપ્તા રાજીનામું આપો જેવા આક્રમક નારાઓ સાથે INDIA ગઠબંધન દ્વારા તા. 12 ઓક્ટોબરે સવારે 10:00 વાગ્યે વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતેથી એક વિશાળ વિરોધ રેલીનું આયોજન કરાયું છે. આ રેલી અઠવાગેટ અને એમ.ટી.બી. કોલેજ થઈને કલેક્ટર કચેરી પહોંચશે, જ્યાં કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને કડક વિરોધ નોંધાવવામાં આવશે.

બીજી તરફ, કોંગ્રેસ અને INDIA ગઠબંધનના આ આક્રમક વલણ સામે ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગર મહિલા મોરચો પણ મેદાનમાં આવ્યો છે. ભાજપ મહિલા મોરચા દ્વારા પણ એ જ દિવસે એટલે કે સોમવાર, તા. 12 ઓક્ટોબર, 2026ના રોજ બપોરે 1:00 કલાકે મક્કાઈ પુલ, રંગઉપવન પાસે આવેલી ક્વોલિટી હોટલની ગલીમાં આવેલા કોંગ્રેસ કાર્યાલયની બિલકુલ સામે જ કોંગ્રેસ તથા રાહુલ ગાંધીના વિરોધમાં ધરણાં અને વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આમ, એક જ દિવસે બંને મુખ્ય રાજકીય પક્ષોના સામસામે કાર્યક્રમો અને વિરોધ પ્રદર્શનો યોજાનાર હોવાથી સુરતમાં ભારે રાજકીય ઘમસાણ અને ગરમાવો જોવા મળશે.

## સંક્ષિપ્ત સમાચાર

### સંકટની સાંકળો તોડી નાંખવાનું સામર્થ્ય ધર્મચક્ર તપનું છે : પદ્મદર્શનસૂરિજી



ભીવંડી : અંજુર ફાટા સ્થિત શ્રી શંખેશ્વર ધામ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ સ્થિત ધર્મચક્રતીર્થ પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રી જગવલ્લભસૂરિજી મહારાજાની પાવન નિશ્રામાં ધર્મચક્ર તપની પૂર્ણાહુતિ નિમિત્તે રાજમાર્ગ ઉપર 180 તપસ્વીઓની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જેમાં દસ હજારથી વધુ માનવ મહેરામણ ઉમટ્યો હતો. આ પારણોત્સવ પ્રસંગે પૂ. આચાર્ય શ્રી જગવલ્લભસૂરિજી મહારાજે માંગલિક શ્રવણ કરાવ્યું હતું. અને તપસ્વીઓને આશીર્વચનો કહ્યા હતા. પૂ.આ.શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, સંકટની સાંકળો તોડી નાંખવાનું સામર્થ્ય ધર્મચક્ર તપનું છે. દુઃખ, દારિદ્રય અને દુર્ભાગ્યને દૂર કરવાનું કામ ધર્મચક્ર તપ કરે છે. 82 દિવસના આ તપમાં 180 આરાધકો જોડાયા હતા. રાજકુમારી કનકશ્રી બનીને તમામ તપસ્વીઓને પારણાં કરાવનાર માતુશ્રી બક્ષુદેવી અજબીચંદજી વિનાયકીયા ધાનેરાવાળા પરિવારે ઉલ્લાસ અને ઉમંગપૂર્વક લાભ લીધો હતો. પૂ. આચાર્યશ્રી જગવલ્લભસૂરિજી મહારાજ જે ક્ષેત્રમાં ચાતુર્માસ કરે છે ત્યાં પ્રતિવર્ષ સેંકડોની સંખ્યામાં ધર્મચક્ર તપ થાય છે. ઓસવાલ જૈન વાડીમાં તપસ્વીઓનાં પારણાં અને પધારેલા મહેમાનોનું સ્વામીવાત્સલ્ય થયું હતું. સોનામાં સુગંધ ભળે તેમ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘમાંથી પ્રભાવક પ્રવચનકાર જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ પૂ. આ. શ્રી નયભદ્રસૂરિજી મ. આદિ શ્રમણ ભગવંતોની પણ પાવન પધરામણી થઈ હતી.